નવી સેવા વર્ષ–૨૦૧૪–૧૫.
સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદની કચેરીના નિયંત્રણ હેઠળની નાગરિક સંરક્ષણ કચેરી, ભૂજ જિલ્લો કચ્છ ખાતે સિવીલ ડીફેન્સ કન્ટ્રોલરૂમ બાંધવા અંગેની વહીવટી મંજુરી આપવા બાબતે..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનગસ/૧૦૨૦૧૪/૫૧૫/ફ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ :–૧૫/૭/૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદનો પત્ર ક્રમાંકઃ સીડીઓ/ ખાસ/ ૩૩૨/ ૨૦૧૪ તા.૧૩/૩/૨૦૧૪
(૨) નાણાં વિભાગનો તા.૮/૫/૨૦૧૪ નો પરિપત્ર ક્રમાંકઃઅપબ/૨૦૧૪/૧૦૩૧/ ક(બજેટ)

ઠરાવ :–

સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળની નાગરિક સંરક્ષણ કચેરી ભૂજ જિલ્લો–કચ્છ ખાતે સિવીલ ડીફેન્સ કન્ટ્રોલરૂમ બાંધવા માટેનો ખર્ચ રૂ.૨,૫૧,૩૬,૦૦/– (હજારમાં) (અંકે રૂપિયા બે કરોડ એકાવન લાખ છત્રીસ હજાર પૂરા) નવી સેવા તરીકે સને–૨૦૧૪–૧૫ ના વર્ષ દરમ્યાન મંજૂર થયેલ છે. જેના પ્રથમ તબકકાના રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ પુરા) આમુખ (૨) ની સૂચનોનુસાર નવી બાબતમાં સમાવેશ કરવાની શરતે વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. જેને આથી નીચેની શરતોને આધિન સરકારશ્રીની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ–

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પયાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો

રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ચાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા–અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૪–૧૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંકઃ | ૦૪૬ |
| (૨) મુખ્ય સદર | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૧૦૬–નાગરિક સંરક્ષણ |
| (૫) પેટા સદર | ૦૧– નાગરિક સંરક્ષણ |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન બહાર /મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૨૦૭૦–૦૦–૧૦૬–૦૧૦૦ |
| (૮) સ્કીમ કોડ | ૧૧૪૫૧૯ |
| (૯) પ્લાન કોડ | એમઈપી–૨૦ –નાગરિક સંરક્ષણ |

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૨/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય પંડયા)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
(૧) સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.
(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અને નિયંત્રક નાગરિક સંરક્ષણ કચેરી, ભૂજ–કચ્છ
(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત પોલીસ આવાસ નિગમ લિ.,ગાંધીનગર.
(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
(૫) પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
(૬) અગ્રસચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૮) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૯) શાખા સિલેકટ ફાઈલ.